# સ્વર્ણિમ પાર્ક પંચામૃતભવન માટે બેઠકમાં ૬૭ કરોડની જોગવાઈ

## ગીફ્ટસીટી, મેટ્રોરેલ પ્રોજેક્ટ ઉપરાંત રાજ્યકક્ષાના બહુમાળી મકાન માટે પણ કરોડોની જોગવાઈ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કમાં નવા નવા આકર્ષણો ઉભા કરવાનું કામ પ્રગતિ હેઠળ છે ત્યારે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૩-૧૪ ના બજેટમાં સ્વર્ણિમ પાર્ક તેમજ પંચામૃતભવનના વિકાસ માટે રૂ. ૬૭ કરોડની જોગવાઈ કરી છે.

વિધાનસભા ગૃહમાં આજે નાણામંત્રીએ વર્ષ-૨૦૧૩-૧૪નું બજેટ રજુ કર્યુ હતું. વિશાળકદના આ બજેટમાં ગાંધીનગરમાં હાથ ધરાયેલા વિકાસકામોને વેગ આપવા પણ નાણાંની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સ્વર્ણિમપાર્ક અને પંચામૃતભવનને અનુલક્ષી રૂ. ૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની કચેરી માટે બહુમાળી ભવનનું મકાન બાંધવા માટે પણ રૂ. ૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર-અમદાવાદ વચ્ચેના મેટ્રોરેલ પ્રોજેક્ટ અન્વયે ૭૬ કિ.મી.ની લંબાઈને ધ્યાને લઈ રૂ. ૫૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે શહેરને સોલાર સીટી પ્રોજેક્ટ હેઠળ આવરી લેવા માટે પણ ક્લાઈમેટ ચેન્જ હેઠળ રૂ. ૧૧૧ કરોડની જોગવાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં શહેરના સરકારી મકાનો, વાણિજ્ય એકમોને આવરી લઈ સોલાર સીટીના પ્રોજેક્ટને આગળ ધપાવવાના આયોજનને ધ્યાને લઈ નાણાં ફાળવવામાં આવશે. વધુમાં બજેટ દરમિયાન શહેર નજીક આકાર લેતા ગીફ્ટસીટીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટને અનુલક્ષી રૂ. ૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરના મધ્ય વિસ્તારમાં નિર્માણ પામતા સ્વર્ણિમપાર્કમાં પ્રથમ તબક્કાની કામગીરીના અંતે હાલ બીજા તબક્કાનું કામ શરૂ કરી દેવાયું છે. લેન્ડસ્કેપીંગ ઉપરાંત ફૂડકોર્ટ ગાંધીગાર્ડન તેમજ સોલાર માઉન્ટનું કામ ચાલી રહ્યું છે ત્યારે સ્વર્ણિમ પાર્કને નિખારવા ઉપરાંત સાબરમતી નદીના તટ પર પંચામૃતભવન બાંધવા માટે પણ બજેટમાં ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આજે રજૂ થયેલા બજેટમાં આ માટે રૂ. ૬૭ કરોડની જોગવાઈ થઈ છે.


# ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાંથી બે શૈક્ષણિક વર્ષમાં ૨૨૫ વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાંથી છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ પૂર્ણ કરીને ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સીક સાયન્સમાંથી ૧૫૧ વિદ્યાર્થીઓ, ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાંથી ૫૧ વિદ્યાર્થીઓ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીયરલ સાયન્સમાંથી ૨૩ વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કરેલ છે. તેવું વિધાનસભાના તારાંકિત પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ગૃહ રાજયમંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું.

મોરબીના ધારાસભ્ય શ્રી કાંતિલાલ અમૃતિયાના પ્રશ્નોનો ઉત્તરમાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીમાં અપાયેલ ત્રણ ઈન્સ્ટીટ્યુટમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા એમ.એસ.ફોરેન્સીક ફાર્મસી, એમ.એસ.ફોરેન્સીક નેનોટેકનોલોજી અને પી.એચ.ડી.નો અભ્યાસક્રમો ચાલી રહ્યાં છે. તેમજ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીહેવીયરલ સાયન્સ દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ફોરેન્સિક સાઈકોલોજી (પી.જી.ડી.એફ.પી.), પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન હોસ્પિટલ મેનેજમેન્ટ, માસ્ટર ઈન સાઈકોલોજી, (ક્લિનિકલ સાઈકોલોજી, એમ.ફિલ.ઈન ફોરેન્સિક સાઈકોલોજી, (એમ.ફીલ. ઈન ક્લિનિકલ સાઈકોલોજી) ચલાવવામાં આવે છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા એમ.એસ.સી. ફોરેન્સીક સાયન્સ, એમ.એસ.ડીઝીટલ ફોરેન્સીક એન્ડ ઈન્ફર્મેશન એસ્યોરન્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ફીંગર પ્રિન્ટ સાયન્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ફોરેન્સીક ડોક્યુમેન્ટ એક્ઝામીનેશન, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન ફોરન્સીક મેનેજમેન્ટ, પોસ્ટ ગ્રેજ્યુએટ દિપ્લોમાં ઈન ફોરેન્સીક એકાઉટીંગ, પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટીફીકેટ ડિપ્લોમાં ઈન ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન એન્ડ કોમ્પ્યુટર ફોરેન્સીક્સ (ઓન લાઈન કોર્સ), સર્ટીફીકેટ ડિપ્લોમાં ઈન સાયબર સીક્યોરીટી (ઓન લાઈન કોર્સ), અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

## શબ્દાવલી - ૪૯૮૫



### આડી ચાવી

૧. કુદરતનું તોફાન (૪)
૪. મંદિરમાં પૂજા કરે - કરાવે તે (૩)
૭. ખેલ, ગેમ (૩)
૮. ઘડિયાળનો અવાજ (૪)
૯. હાથના મિજાગરાનું હાડકું (૨)
૧૦. લુખ્ખા લોકો... ભાષા બોલે (૩)
૧૩. આગથી ચાલતી ટ્રેન (૪)
૧૫. ખાવાનું ન મળવાથી થતો ફરજિયાત ઉપવાસ (૨)
૧૬. પાણી ભરવાના માટીનો ઘડો (૩)
૧૭. મડદુ, શબ (૨)
૧૮. બહુ સારી પણ નહી અને બહુ ખરાબ પણ નહિ તેવી (૪)


### ઊભી ચાવી

૧. ખખડાવી નાખવું, ... કાઢવી (૪)
૩. છૂટાછેડા (૩)
૪. વેડમી, ગળી રોટલી (૫)
૫. દારૂનો ગ્લાસ (૨)
૬. પ્રણાલી, પ્રથા (૨)
૮. ... કરવી, ટપારવું (૩)
૧૧. લાગવગ (૨)
૧૨. શાકભાજી (૩)
૧૩. ગુસ્સો (૩)
૧૪. ગામડાની ભાષા અથવા ત્યાંથી ચણિયો ચોળી (૩)
૧૫. ક્રોસિંગ (૩)
૧૬. ખરાબ, ભુંડી (૨)

### શબ્દાવલી ૪૯૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ફરિયાદ (૪) લાયક (૬) કક્ષા (૭) બકરી (૯) પડાવ (૧૦) અદા (૧૧) વન (૧૨) મીર (૧૩) જવુ (૧૫) ધાક (૧૭) સંપાદક (૨૦) રિમાર્ક (૨૨) બંધિયાર (૨૩) નશાબંધી

**ઊભી ચાવી :-** (૧) ફકડ ગિરધારી (૨) રીક્ષા (૩) દબડાવવું (૪) લારી (૫) કર્જદાર (૮) કવન (૧૦) અમી (૧૪) ઉપાધિ (૧૬) કમાન (૧૭) સંબંધી (૧૮) દયા (૧૯) કરમ (૨૧) કંશા



વિધાનસભા અંદાજપત્રના પ્રારંભની સાથે પોલીસ બંદોબસ્ત પણ જડબેસલાક ગોઠવાયો છે... સચિવાલય વિધાનસભા પોલીસ છાવણીમાં ફેરવાયા હોય એમ લાગતું હતું. મુલાકાતીઓની ચકાસણી કરવામાં પોલીસ તંત્ર કોઈ કચાસ રાખતું ન હતું. વિધાનસભાની સામે તંબુ નાખી હંગામી પોલીસ ચોકી ઊભી કરાઈ છે. **(તસવીર : દિપક જાની)**

# બજેટમાં ચૂંટણી ઢંઢેરાના ૬૦ ટકા વચનો પૂર્ણ કરવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતના નાણામંત્રી નીતિનભાઈ પટેલે ગુજરાત સરકારના સને ૨૦૧૩-૧૪ના બજેટને વિકાસલક્ષી અને નાણાંકીય રીતે સીમાચિહ્નરૂપ કહી શકાય તેવું ગણાવીને જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસને કેન્દ્ર સ્થાને રાખીને ખેડૂતો વેપારીઓ, કારીગરો, ગરીબોને ધ્યાનમાં લઈને તેમના માટેની વિવિધ યોજનાઓનો અમલ આગળ વધારવા તથા કેટલીક નવી યોજનાઓ માટે મોટી નાણાંકીય જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવી છે. અને ભાજપના સંકલ્પપત્રમાં આવેલા વચનોપૈકી ૬૦ ટકા વચનો પૂર્ણ કરવા પ્રયાસ કરાયો છે.

આજે ગુજરાત વિધાનસભામાં તેમણે સને ૨૦૧૩-૧૪નું બજેટ રજુ કર્યા બાદ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, કરવેરામાં સામાન્ય રાહતો આપીને પ્રજાને વધુ યોજનાકરણ લાભો મળે તેવો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.પેટ્રોલ, ડીઝલમાં લેવાતા વેટ ઉપર રાહતો કેમ આપવામાં આવી નથી તેવા સીધા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, પેટ્રોલ, ડીઝલના વેટમાં રાહત આપવાથી જે લાભ મળે તેના કરતાં આ નાણામાંથી થનારા રાજ્યના વિકાસ અને ગરીબો કેડૂતો માટેની યોજનાઓનો લાભ રાજ્યને વધુ ફાયદાકારક નિવડશે.

કેન્દ્રીય યોજનાઓના નાણાં રાજ્ય સરકાર પોતાની યોજનાઓમાં ખર્ચી નાખે છે. તેવા આક્ષેપાત્મક પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર આપણને જે નાણાં આપે છે તે કંઈ દયાદાન નથી દરેક રાજ્યને તેના ટકાના નાણાં આપે છે અને તેનો ઉપયોગ રાજ્યના વિકાસ માટે કરવામાં કંઈ ખોટું નથી તેમણે પેટ્રોલ, ડીઝલના હવે પછીના ભાવ વધતા ઉપર ટેક્ષ નહીં લેવા અંગે પણ ખાતરી આપવાનું ટાળ્યું હતું.

## નિરાશાજનક અને પ્રજાને ગેરમાર્ગે દોરનારું બજેટ : કેશુભાઈ પટેલ

ગાંધીનગર,તા. ૨૦

ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા રજુ કરવામાં આવેલું આ બજેટ પ્રજાને ગુમરાહ કરનાર બજેટ છે. સરકાર દ્વારા કરવામાં આવતા મોટા દાવા કે ભાજપ દ્વારા ચૂંટણીમાં આપવામાં આવેલા વચનોનું કોઈ પ્રતિબિંધ આમા દેખાતું નથી. ૮૫,૭૫૨ની મહેસુલી આવક અંદાજવામાં આવી છે તે બજેટમાં પ્રજાને વેટમાં એક રૂપિયાની પણ રાહત આપવામાં આવી નથી. જે પેટ્રોલીયમ પદાર્થ અંગે ગુજરાત સરકાર કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરૂ પાડતી નથી કે તેને કોઈ ધસારો ખર્ચ વેઠવો પડતો નથી એવા પેટ્રોપ્રોડકટસ પર દેશમાં સૌથી ઉંચો વેટનો દર ગુજરાતની પ્રજા પર આ સરકારે ઠોકી બેસાડયો છે.તેમણે જણાવ્યું છે કે મોંઘવારીમાં સામાન્ય જનને રાહત આપવાનો નિર્ધાર આમાં કયાંય નથી. યુવાનો તથા મહિલાઓ સાથે પણ મોટી છેતરપિંડી કરાઈ છે. વાઈબ્રન્ટ સમીટમાં લાખો નવી રોજગારી ઉભી કરવાની વાત કરાય છે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં ૬૦ લાખ નવી રોજગારી ઉભી કરવાનું વચન આપ્યું હતું તેનો કે ભૂતકાળમાં વાઈબ્રન્ટ દ્વારા કેટલી રોજગારી ઉભી થશે તેનો ઉલ્લેખમાત્ર નથી. હવે રોજગારીના બદલે માત્ર સ્કીલ ડેવલપમેન્ટ અને ટ્રેનીંગની જ વાત કરાય છે. શું આ યુવાનો સાથે કરાયેલી છેતરપિંડી નથી ?

## દેવું ઘટાડવા માટે બજેટમાં કોઈ પગલાં લેવાયાં નથી : શંકરસિંહ

અમદાવાદ, તા. ૨૦

રાજ્યના નાણામંત્રીએ આજે વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષના રજુ કરેલા અંદાજપત્રને દિશાવિહીન અને મોંઘવારી વધારનારુ ગણાવીને વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે આ બજેટમાં રાજ્યનું દેવું ઓછું કરવા માટે કોઈ પગલાં લીધા હોય તેમ દેખાતું નથી.

વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપે સન ૨૦૦૨ અને ૨૦૦૭ના ચૂંટણી ઢંઢેરામાં જે વચનો આપ્યા હતા તે જ વચનોનું ૨૦૧૨ના ચૂંટણી ઢંઢેરામાં પુનરાવર્તન થયું છે અને તે વચનો પુરા કરવાનો કોઈ ઈરાદો હોય તેમ આ બજેટ પરથી દેખાય છે. નર્મદા યોજના માટે જે રકમ ફાળવી છે તે જોતા યોજના આગામી ૨૦ વર્ષ સુધી પણ પૂર્ણ થઈ શકે તેમ નથી. વીજ વાપરનારા ઉદ્યોગકારો માટે વધુ પડતો ખર્ચ થતાં તેની અસર ગૃહ વીજવપરાશકારો માટે થશે. આરોગ્ય, શિક્ષણ અને આમ સામાજિક સેવાઓ માટે માત્ર ૪૨ ટકા રકમ ફાળવી છે ખરેખર આ માટે ૬૦ ટકા રકમ ફાળવવી જોઈએ.

## વાર્ષિક યોજના અંતર્ગત

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂા.૧૨૬૬૦.૧૨ કરોડ ઉર્જા રૂા. ૪૯૯૬.૧૦ કરોડ ઉદ્યોગ અને ખનિજ પાછળ ૫૦૦૬.૭૦ કરોડ સંદેશાવ્યવહાર વિભાગ પાછળ રૂ. ૭૯૫.૮૧ કરોડ વિજ્ઞાન અને પ્રાયોગિક વિભાગમાં રૂ. ૪૨૩.૦૬ કરોડ સામાન્ય આર્થિક સેવાઓમાં રૂા. ૧૭૮૬.૦ કરોડ સામાજીક સેવાઓ પાછળ રૂા. ૨૪૫૮૬.૩૪ કરોડ સહિત સામાન્ય સેવાઓ પાછળ રૂ. ૧૩૩.૬૯ કરોડ મળીને રૂા. ૫૮,૫૦૦ કરોડ ખર્ચવાનું આયોજન કરાયેલું છે. ઉલ્લેખનીય બાબત એ છે કે ગત વર્ષ દરમ્યાન રાજ્યમાં આવનારી ચૂંટણીને અનુલક્ષીને વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષિક યોજનાનું કદ રૂા. ૫૦,૫૯૯ કરોડ રખાયું હતું. જે ગત વર્ષ ૨૦૧૧-૧૨ કરતા ૩૩ ટકા વધુ હતું. ચુંટણી બાદ હેટ્રિક સર્જનાર વર્તમાન ભાજપ સરકાર લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે રાખ્યું છે. જે ગત વર્ષ ૨૦૧૨-૧૩ કરતા ૧૩ ટકા વધુ છે.

આમ જે તે વર્ષની વાર્ષિક યોજનાનું કદ જાહરે કરતા પહેલા રાજ્ય સરકારને કેન્દ્રિય નાણાપંચ પાસેથી તેની મંજૂરી લેવી પડે છે. પરંતુ રાજ્ય સરકારે આવી મંજૂરી લીધી ન હોવાથી હવે આગામી સમયમાં આવી મંજૂરી ફરજિયાતપણે લેવી પડશે. અને તે જે કદ નક્કી કરશે તે આખરી ગણાશે.

## વિશિષ્ટતાઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

- રાજયની વિકાસ લક્ષી યોજનાઓમાં સામાજિક સેવાઓને વધુ પ્રાધાન્ય આપી રૂા. ૨૪,૫૮૬ કરોડની કુલ જોગવાઈ કરવામાં આવેલ છે. જે ગત વર્ષની જોગવાઈ કરતા રૂા. ૪,૦૫૩ કરોડ વધારે છે. જે કુલ આયોજન ફાળવણીના ૪૨.૦૩ ટકા થવા જાય છે.
- શ્રમ અને રોજગાર હેઠળ રૂા. ૮૪૧ કરોડ જેવી નોંધપાત્ર જોગવાઈ સુચવવામાં આવેલ છે જેમાં ગયા વર્ષની સરખામણીએ ૭૫ ટકાનો વધારો કરવામાં આવેલ છે.
- શિક્ષણ અને આરોગ્ય માટે આયોજન જોગવાઈ ગયા વર્ષની સરખામણીએ અનુક્રમે ૪૨.૫૯ ટકા અને ૨૪.૧૮ ટકા વધારવામાં આવી છે.

## દવા પી લીધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છાંટવાની ઝેરી દવા નીકાળીને ગટગટાવી લેતા સન્નાટો ફેલાઈ ગયો હતો. ચિલોડા પોલીસને આ અંગે જાણ થતા તેમને ગાંધીનગર ચિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ રાત્રે હોસ્પિટલ દોડી આવ્યો હતો. ઝેરી દવા પી જઈને આપઘાતનો પ્રયાસ કરવા પાછળનું રહસ્ય હજુ અકબંધ છે. પરંતુ અધિકારીઓના ત્રાસથી પોલીસ કર્મીઓના આપઘાતના બનાવો અગાઉ બની ચુકેલા હોવાથી તે દિશામાં પણ તપાસ કરવી જરૂરી છે. આપઘાતના પ્રયાસ પાછળનું કારણ બહાર લાવવા ચિલોડા પી.આઈ. બી.સી. ઠક્કરે તપાસ શરૂ કરીને એએસઆઈનું નિવેદન (ડી.ડી.) લેવા પ્રયત્ન થયા હતા પરંતુ હજુ પણ અર્ધબેભાન હાલતમાં હોવાથી લેખીત નિવેદન લઈ શકાયુ નથી અને ચોક્કસ કારણ બહાર આવી શક્યુ નથી. ગંભીર હાલત હોવાથી એએસઆઈ અર્જુનસિંહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી અમદાવાદની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે આપઘાતના પ્રયાસ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પી.આઈ.એ તપાસ શરૂ કરી છે.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

*વહાણવટાં કર્યા છે. તેઓ પોતાની જીભ પર જ નહિ, હૃદયમાં પણ મને સાથે લઈ ગયા છે. જે તે મુલકની ભાષાને તેમણે અપનાવી છે, પણ તેમના માથા પર મુકુટ બનીને તો હું જ શોભતી રહી છું.*

*અને આજે... એ મુકુટ, એ તાજના ટુકડે-ટુકડા થઈ રહ્યા છે. હું કોને કહું મારી પીડા ? મારી વેદના, મારાં દુઃખો હું કોને જઈને સંભળાવું ? મારું રક્ષણ કરવાની જેની જવાબદારી છે એ જ આજે મને પીડી રહ્યા છે. સદીઓ સુધી જેમના જીવનને મેં અર્થ આપ્યો તે મારાં સંતાનો જ આજે મારી અર્થી શણગારી રહ્યાં છે.*

*અંગ્રેજી માધ્યમની ખૂલતી દરેક શાળા મારા શ્વાસને રૂંધે છે. વિકાસની લાય અને પ્રગતિની હાયમાં માતૃભાષાને તરછોડી રહેલાં મારાં સંતાનો, તમે અંગ્રેજી માધ્યમની શાળાના પ્રવેશના ઉત્સવો કરો છો અને ગુજરાતી માધ્યમની બંધ થતી શાળાનાં બેસણાં ગોઠવવાનો પણ તમને વખત નથી.*

*ભલે, મારાં બાલુડાં, આજે તમને લાગે છે કે હવે મારી તમને કોઈ જરૂર નથી. તમારી ઈચ્છા હશે તો હું તમને છોડીને જતી રહીશ.*

*હું તો તમારી મા છું. હું તમને કોઈ દિવસ ન છોડી શકું. એક મા પોતાનાં સંતાનોને કેમ તરછોડી શકે.*

## જડબેસલાક હડતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદ્રશ્ય થઈ ગઈ હતી. ગાંધીનગર ડેપોની ૧૦૦ જેટલી બસોના પણ પૈડા થંભી જતા આડા દીવસે ધમધમતા ડેપો સંકુલમાં સૂનકાર છવાઈ ગયો હતો. ડેપોના પ્રવેશદ્વાર પાસે આડશરૂપે બસો મુકી દેવાઈ હતી. ખાલીખમ ભાસતા ડેપોના સંકુલમાં હડતાલના દિવસે કર્મચારીઓએ ક્રિકેટની મજા લીધી હતી. જિલ્લાના ચારેય ડેપોની ૧૨૦૦ જેટલી બસો સદંતર બંધ રહેતા સ્થાનિક નાગરિકોની બસ સેવા છીનવાઈ ગઈ હતી. કર્મચારીઓની પોઈન્ટના રૂટની બસો બંધ રહી હતી જેના પરિણામે કર્મચારીઓ ખાનગી વાહનોના આધારે કચેરી સુધી પહોંચ્યા હતા. અમદાવાદથી આવતા કર્મચારીઓ મોટા ભાગે ગૃપમાં ખાનગી વાહન થકી ફરજ પર હાજર થયા હતા. અમદાવાદ-ગાંધીનગર વચ્ચેના રૂટમાં પણ ડેઈલી અપડાઉનકર્તા નોકરીયાતવર્ગ ઉપરાંત વિદ્યાર્થીઓ પણ મુંઝવણમાં મુકાયા હતા. એસ.ટી. બસોના સજ્જડ બંધના લીધે મુસાફરોએ શટલીયા જીપ, રીક્ષા અને અન્ય ખાનગી વાહનોના આશરો લેવો પડયો હતો. આ તબક્કે ખાનગી વાહનચાલકોએ પણ બમણાંથી વધુ ભાડુ વસુલી રોકડી કરી લીધી હતી. એસ.ટી.ની હડતાલના પગલે વીટકોસ દ્વારા વધારાની સીટી બસો પણ દોડાવી હતી. એસ.ટી. બસ નસીબ ન થતાં ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારમાં દોડતી સીટી બસમાં ખીચોખીચ મુસાફરો ભરેલા જોવા મળ્યા હતા. એક દિવસીય હડતાલના લીધે નિગમને લાખોનું નુકશાન થયું છે.

# જિલ્લામાં ૧૦૦ પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરાયું હતું

## વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ૩૭૮ રૂમો જુદી જુદી હોટલોમાં બુક કરાઈ હતી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૧૦૦ પશુઆરોગ્ય મેળાઓનું આયોજન કરાયાનું ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

આ પશુ આરોગ્ય મેળાઓ દરમ્યાન પશુઓમાં થતા કૃમિરોગોની સારવાર, પશુવંધ્યત્વ નિવારણની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાનની સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના કૃષિ મહોત્સવમાં પશુઓને અપાયેલ રસી અંગેના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું છે કે કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન ત્રણ પ્રકારના રસીકરણનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેમાં પશુઓને ગળસુંઠો, ખરવા મોવાસા અને આંત્ર વિષજવરની રસીઓ આપવામાં આવી હતી.

કૃષિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ રસીકરણ હેઠળ જિલ્લાના ૩,૨૩,૬૭૭ પશુઓને આવરી લેવામાં આવ્યા હતા.

માણસાના ધારાસભ્ય શ્રી અમીત ચૌધરીએ પણ આજે વાયબ્રન્ટ સમીટના થયેલા ખર્ચ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયના ઉદ્યોગમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુંહતુંકે રૂ. ૩.૪૬ કરોડના બિલો ચુકવવામાં આવ્યા છે અને બીજા બિલો પ્રાપ્ત થયા બાદ તેનુ ઓડિટ કરી ચૂકવણીની કામગીરી હાથ ધરવામાં આવશે. કેટલા બિલોનું પેમેન્ટ બાકી છે તેની વિગતો ઉપલબ્ધ નહિ હોવાનું આ અંગેના અન્ય પૂરક પ્રશ્નોના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું.

અમીત ચૌધરીના જ એક અન્ય પ્રશ્ન વાયબ્રન્ટને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉદ્યોગમંત્રીએ જણાવ્યું હતું કે જુદી જુદી હોટલોમાં ૩૭૮ રૂમો બુક કરાવવામાં આવી હતી.

# નર્મદાની લીંબડી કેનાલનું કામ ૧૮ માસમાં પૂર્ણ ન કરતાં હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની ‘બ્લેક લીસ્ટ’

ગાંધીનગર, તા. ૨૦

સરદાર સરોવર નર્મદા યોજનાની લીંબડી કેનાલની ૧.૦૮૧ કિલોમીટર લંબાઈનું કામ મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈને આપવામાં આવ્યું હતું. પરંતુ આ કામ કરાર મુજબ ૧૮ માસના સમયમાં પૂર્ણ ન થતાં આ કંપનીને જરૂરી તમામ કાર્યવાહી કરીને ‘બ્લેક લીસ્ટ’ કરવામાં આવી હતી. નર્મદા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા કંપનીને તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ કંપની તા. ૧૨-૩-૨૦૧૨ના રોજ ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટની કોર્ટમાં અપીલમાં ગઈ હતી. કોર્ટે આ અપીલ રદ કરતાં કંપની હાઈકોર્ટ સમક્ષ ગઈ હતી. હાઈકોર્ટે ત્રણ મહિનામાં યોગ્ય નિર્ણય લેવાની સુચના આપી છે.

વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, તારીખ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૩ની સ્થિતિને નર્મદા યોજનાની લીંબડી કેનાલના ૧,૦૮૧ કિલોમીટર લંબાઈના કામમાં ૧૨ વિશાખા અને ૧૨ પ્રશાખા નહેરોની અંશતઃ કામગીરી થઈ છે. મે. હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપની, મુંબઈ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી છે. સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણ મહિનામાં આ કંપની અંગે નિર્ણય લેશે.

# રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે સરકાર કટિબદ્ધ

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર ગુજરાત રાજયમાં દારૂબંધીના કડક અમલ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની બોર્ડરને અડીને આવેલા દાહોદ જિલ્લામાં ખંગેલા, ધાવડીયા અને ચાકલીયા ગામોએ મેઈન રોડ પર વાહન ચેકીંગ માટે ચેકપોસ્ટ કાર્યરત છે, અને દારૂની હેરાફેરી અટકાવવા કડક ચેકીંગ કરવામાં આવી રહી છે.

ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૨ દરમિયાન રૂ. ૧૩,૦૨૦ની કિંમતનો દેશીદારૂ અને રૂ. ૪૩,૪૪,૩૫૦ની કિંમતનો વિદેશીદારૂ પકડાયો છે. ગત વર્ષ દરમિયાન દાહોદ જિલ્લામાં ,૩,૦૪૬ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં નશાબંધીના કાયદાની કડક નીતિ અપનાવી છે. ગુજરાત સરકારે ગુજરાત નશાબંધીના કાયામાં પણ બીલ લાવીને સુધારા કર્યા છે, અને દારૂબંધીના કડક અમલ માટે પ્રતિબદ્ધ છે. દાહોદ જિલ્લામાં દારૂ પકડાયો છે તે જ બતાવે છે કે ચેકપોસ્ટ પર કડક ચેકીંગ કરવામાં આવી રહ્યુંછે.


## ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર

**સેક્ટર નં.૧૦/એમાં આવેલ મુખ્ય કચેરી માટે સાફ સફાઈની કામગીરી માટેની જાહેરાત**

(અ) ગાંધીનગર ખાતે આવેલ બોર્ડની મુખ્ય કચેરીમાં દરરોજ કચેરી સમય પહેલાં ૮-૦૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધીમાં ભોયતળિયું ૮૫૬ લચો.મી. તથા પ્રથમ માળે ૮૫૬ ચો.મી. અને કમ્પાઉન્ડ વાળવાનું તેમજ કચેરી સંકુલ સાફ - સફાઈ (વાળવાનું, તથા પોતું કરવાનું તેમજ એકત્રિત થયેલ કચરાનો નિકાલ કરવાનો) તેમજ કચેરીમાં ટેબલ ખુરશીઓને કપડું મારી સાફ કરવા માટેના તળિયાના દર મહિનાના રૂ. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) માલસામાનના સાધન સહિત નક્કી કરેલ છે.

(બ) સદરહુ કચેરીમાં બંને માળે આવેલ જાજરૂ - બાથરૂમ તેમજ મુતરડી દરરોજ કચેરી સમય પહેલા સાફ-સુફ કરી દવા છાંટી અદ્યતન રાખવા માટેના તળિયાના દર મહિનાના રૂ. ૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) માલસામાન તેમજ સાધનો સહિત નક્કી કરેલ છે.

ઉપરોક્ત (અ) (બ) અંગે રસ ધરાવતા ઈસમોએ સીલબંધ કવરમાં વિગત ભરી સાદા કાગળ પર તા. ૪/૩/૨૦૧૩ સુધીમાં તેઓની ઓફર રજી. પો.એ.ડી.થી નીચેની શરતોને આધીન મોકલવાની રહેશે. કવર ઉપર ‘સાફ-સફાઈના ભાવો’ એવું લખવાનું રહેશે.

**શરતો :-**

(૧) ઉપરોક્ત સાફ સફાઈની કામગીરી દરરોજ કચેરી સમય પહેલાં પુરી કરવાની રહેશે.
(૨) આ કોન્ટ્રાક્ટની મુદત ૩ માસથી ૧૨ માસ સુધીની રહેશે.
(૩) ભાવો મંજુર / નામંજુર કરવાની અબાધિત સત્તા બોર્ડને રહેશે.
(૪) કામગીરી સંતોષકારક નહી જણાય તો નક્કી થયેલ મુદત પહેલા વિના નોટીસે કોન્ટ્રાક્ટ સમાપ્ત કરવામાં આવશે.
(૫) અરજી સાથે રૂ. ૫૦/-ની ફી ભરવાની રહેશે.

**સહી/-**
**વહીવટી અધિકારી**
**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ**
**ગાંધીનગર**